ગાંધીનગરમાં ખાડારાજ : ૩૦૦૦થી વધુ ખાડા

વરસાદી પાણી ખાડાઓમાં ભરાઈ ગયાથી વાહનચાલકોમાં હાલાકી : કાદવ-કીચડ અને ગંદકીના દૃશ્યો દર વર્ષની જેમ યથાવત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા છે. જેમાં માર્ગો પર પાણી ભરાઈ જવાના કારણે નાગરીકોને અવરજવર માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના ઈન્ફોસિટી, કુડાસણ, સરગાસણ વિસ્તારમાં પાણી ભરાવાની સાથે સાથે ખાડાઓ અને કાદવકીચડનો માહોલ સર્જાયો છે. વાહનો ખાડાઓમાં ફસાઈ રહ્યા છે જેનાથી મોટુ નુકસાન થઈ રહ્યું છે. જો કે શહેરમાં હજી નોંધપાત્ર વરસાદ પડ્યો નથી છતાં શહેરના અનેક માર્ગોમાં પાણી ભરાઈ ગયા છે. કાદવ-કીચડમાં વાહનો સ્લીપ થઈ રહ્યા છે. સર્વિસ રોડની આજુબાજુ વરસાદી પાણીના કારણે ઘન કચરો જોવા મળી રહ્યો છે. કચરામાં પ્લાસ્ટિક વધારે માત્રામાં હોય છે. ગાયો તેને ખાઈ જવાથી ગંભીર નુકસાની ગાયમાતાને પહોંચે છે. વરસાદી પાણીના સાથે ગટરનું પાણી ભેગુ થઈ જાય છે. શહેરમાં પાણી ભરાવાના કારણે માર્ગો પાણીમાં ગરકાવ થયેલા જોવા મળી રહ્યા છે. આ વખતે શહેરમાં ૩૦૦૦થી વધુ ખાડાઓ નોંધાયા છે.

શહેરમાં વરસાદી દિવસો અગાઉ ઠેર ઠેર નવા માર્ગો બનાવવામાં આવ્યા છે. તે માર્ગો હાલમાં ધોવાઈ રહ્યા છે અને ખાડાઓ પડી રહ્યા છે તથા ભૂવાઓ પડી રહ્યા છે. જે માર્ગો બનાવવાની ગંભીરતા છતી કરે છે. દર વર્ષે માર્ગો પર ખાડા પડવાના કારણે શહેરીજનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. મોટા મોટા વાહનો ફસાઈ જવાથી ટ્રાફિક સમસ્યાઓ જોવા મળે છે. આ ઉપરાંત પાણી ભરાઈ જવાના કારણે રોગચાળો પણ ફેલાય છે તેથી શહેરમાં ભરાયેલા પાણીનો ત્વરીત નીકાલ કરવો જોઈએ, ઉપરાંત ઠેર ઠેર પડેલા ખાડાઓ પૂરવાની કામગીરી હાથ ધરાવવી જોઈએ જેથી કોઈ વાહનચાલકોને ગંભીર ઈજાઓ ન થાય અને રોગચાળો ન ફેલાય. એક તરફ કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે શહેરીજનો વાહકજન્ય રોગથી ભયભીત થઈ રહ્યા છે. તેથી તંત્ર દ્વારા ઝડપથી કાર્યવાહીઓ કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠી છે.

પ્રેમલગ્ન કરનાર દિકરીની સાસરીમાં પિતાએ અન્ય શખ્સો સાથે તોડફોડ કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના રૂપાલ ગામે રહેતા યુવક સાથે પ્રેમલગ્ન કરનાર દિકરીના પિતા સહિત અન્ય ૧૦ જેટલા શખ્સોએ સાસરીમાં જઈ હુમલો કર્યો હતો. ઘરની બારીના કાચ, ફ્રીજ, ફર્નિચરની તોડફોડ કરી હાહાકાર મચાવ્યો હતો. આતંકને પગલે પરિવારના સભ્યો જીવ બચાવવા માટે ઘરમાં પુરાઈને બેસી રહ્યા હતા. ત્યારબાદ ઘરના મંદિરમાં રહેલા રૂ.૨૮ હજારની લુંટ કર્યાની ફરીયાદ પેથાપુર પોલીસ ચોપડે નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામના મહાદેવવાળા વાસ ખાતે રહેતા વિષ્ણુભાઈ મણીલાલ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના દિકરા ઉમંગે ગામમાં રહેતા અજમલભાઈ રબારીની દિકરી પુજા સાથે કોર્ટમાં પ્રેમલગ્ન કર્યા હતા.ત્યારથી પુજા તેમના ઘરે રહે છે. આજે સવારના સમયે વિષ્ણુભાઈ ઘરના અંદરના રૂમમાં હતા, અને દિકરો ઉપરના માળે સુઈ રહ્યો હતો. જયારે તેમની પત્ની શિલ્પાબેન અને પુત્રવધુ પુજા રસોડામાં કામ કરતા હતા. તે સમયે અચાનક પુત્રવધુ પુજાએ મારા પપ્પા આવ્યા તેમ કહી બુમ પાડી હતી અને અંદરના રૂમમાં જતી રહી હતી. જેથી વિષ્ણુભાઈ દોડીને રસોડા તરફ જતા અજમલભાઈ અને અન્ય ૧૦ શખ્સો ઘર તરફ આવી રહ્યા હતા. જેથી તેઓએ રસોડાની પાછળ આવેલો લોખંડનો દરવાજો અને બારી બંધ કરી દીધી હતી. તે સમયે દિવાલ કુદીને અજમલભાઈ દરવાજો જોરથી ખેચવા લાગ્યા હતા. જેને પગલે વિષ્ણુભાઈ અને તેમના પત્ની શિલ્પાબેન અંદરના રૂમમાં પુરાઈ ગયા હતા. તે સમયે ઉમંગ અને પુજા પણ નીચેના અંદરના રૂમમાં આવી જાળીનો દરવાજો બંધ કરી દીધો હતો. તે સમયે પુજાના પિતા સહિતના શખ્સો લાકડીઓ વડે બારીના કાચ તોડી ઘરમાં પ્રવેશી ફર્નિચર અને ફ્રીજ સહિતની ચીજવસ્તુઓની તોડફોડ કરી હતી. જેમાં એક શખ્સ હાથમાં રહેલી લાકડી જાળી અને દરવાજા ઉપર જોરથી મારીને બોલી રહ્યો હતો કે તમારુ ઘર ખેદાન મેદાન કરી નાંખવાનું છે તેમને કોઈને છોડવાના નથી, તમામને પતાવી દેવાના છે. જાનથી મારી નાંખીને અમારી દીકરી પુજાને ઉપાડી જવાની છે. જો કે સદનસીબે જાળીને લોક માર્યું હોવાથી જાળી ખુલી ન હતી. જયારે બીજીતરફ પુજાના પપ્પાનો અવાજ આવતો હતો તેઓ બેફામ ગાળો બોલી ધમકીઓ ઉચ્ચારતા હતા. મારી દિકરી પુજાને ઉપાડી જવાની છે અને તમને બધાને જાનથી મારી નાંખવાના છે. અચાનક હુમલાને પગલે પરિવાર ભયભીત થઈને ઘરમાં રૂમમાં પુરાઈને બેસી રહ્યો હતો. ત્યારબાદ ૧૦૦ નંબર કરીને પોલીસને જાણ કરતા પોલીસ આવી પહોંચી હતી. થોડીવાર પછી ઘરના પાછળના ભાગે દરવાજો ખખડાવીને ભાવેશભાઈ પટેલ સહિત અન્ય નાગરીકો એકઠા થઈ ગયા હતા. રૂમમાંથી બહાર આવીને વિષ્ણુભાઈએ જોયુ તો ઘરમાં તોડફોડ કરી સામાન અસ્તવ્યસ્ત કરી નાંખીને માતાજીના કબાટમાં રહેલા રૂ.૨૮ હજારની લુંટ ચલાવી શખ્સો ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે વિષ્ણુભાઈ પટેલે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વાવોલ બાંધકામ સાઈટ પર કરંટ લાગતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની સીમમાં બાંધકામ સાઈટ પર વીજકરંટથી એક અંદાજીત ૨૫ વર્ષીય યુવકનું મૃત્યુ થયાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટના રવિવારના રોજ સવારે સિધ્ધાર્થ હેવન સાઈટ પર બની હોવાનું ધ્યાને આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ ગામની સીમમાં સિધ્ધાર્થ હેવન સાઈટ પર બાંધકામ ચાલી રહ્યું છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ રાજસ્થાનનો સુખદેવ મોગીલાલ લુહાર કામ માટે ઉપર ચઢ્યો હતો. તે સમયે ઉપરથી પસાર થઈ રહેલી હાઈપર ટેન્શનની લાઈનના વાયરને અડકી જતા યુવકને જોરદાર ઝડકા સાથે કરંટ લાગ્યો હતો. જેમાં યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયુ હતું. બનાવ અંગે જાણ થતા સેકટર-૭ પોલીસ ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. પોલીસે લટકી રહેલા મૃતકના દેહને નીચે ઉતરાવી પીએમ માટે ગાંધીનગર સિવિલ મૃતદેહ મોકલી આપ્યો હતો.

સમગ્ર બનાવમાં બિલ્ડરની ગંભીર બેદરકારી હોવાના આક્ષેપ થયા છે.જયારે બાંધકામ સાઈટ થી ગણતરીના અંતરે આવેલા હાઈપર ટેન્શન વાયરની લાઈન હોવા છતા શ્રમિકો પોતાના જીવના જોખમે કામ કરતા હતા કે કરાવવામાં આવતુ હતું તે પણ પ્રશ્ન છે. ત્યારે પોલીસે બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર દ્વારા એક હજાર માસ્કનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગન લી. મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ઉત્પાદીત વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન સે. ૭ લગ્નવાડી ખાતે 'શક્તિમેળા'માં આજરોજ કોરોના કેસોના વધારાના કારણે કોવિડ-૧૯ના સરકારશ્રીના નિયમોનું પાલન અને બહેનોના સ્વાસ્થ્યની સાવચેતીના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મનીષાબેન સુથારની હાજરીમાં ૧ હજાર નંગ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. રેડક્રોસના જીલુભા ધાંધલ, ડૉ. એકતાબેન પટેલ, ગોવિંદભાઈ આહીર, અશ્વિનભાઈ દવે, હેરમાં સાહેબ દ્વારા દરેક સ્ટોલદીઠ ૫ માસ્ક અને મુલાકાતીઓને માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આયોજનના સહભાગી શ્રીમતી હર્ષાબા ધાંધલ દ્વારા મુલાકાતીઓ માટે આઈ ચેકઅપ કેમ્પનું આયોજન ડૉ. તેજલબેન દલાલના સહયોગથી કરવામાં આવ્યું હતુ.

શહેરના જાહેર શૌચાલયોમાં સ્વચ્છતા જાળવવી અનિવાર્ય

પથિકા ડેપોમાં શૌચાલયમાં સ્નાન માટે ૫ રૂપિયા અને શૌચ માટે ૨ રૂપિયા ઉઘરાવવામાં આવે છે : નાગરિકો સ્વચ્છતા ન જાળવતા વિવિધ એજન્સીના કામદારો ગોઠવાયા

ગાંધીનગર, તા. ૨૪

હરિયાળા નગરને સ્વચ્છતામાં મોખરાનું સ્થાન અપાવવા માટે ગાંધીનગર મનપા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે સઘન કામગીરીઓ હાથ ધરવામાં આવે છે. શહેરમાં કોઈપણ જાહેર સ્થળે ગંદકીના

દૃશ્યો ન સર્જાય તે માટે મનપા દ્વારા જાહેર શૌચાલયો તૈયાર કરાયા હતા. નાગરિકો જાહેર શૌચ કરતાં અટકે તે માટે જાહેર શૌચાલયોની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેનો લાભ લોકો મોટી સંખ્યામાં કરી રહ્યા છે. પરંતુ આ જાહેર શૌચાલયો હોય કે બસસ્ટેન્ડ પરના શૌચાલયો હોય નાગરિકો દ્વારા સ્વચ્છતાનું પાલન કરવામાં આવી રહ્યું નથી. ગાંધીનગર બસડેપો પથિકા ખાતે હાલમાં પ્રાઈવેટ એજન્સીઓના માણસો દ્વારા નાગરિકો પાસેથી ૨ રૂ. અને ૫ રૂ. લઈને શૌચાલયની સ્વચ્છતા જાળવી રાખવામાં આવી રહી છે. નાગરિકો પોતાની જાતે સ્વચ્છતા જાળવી શકતા નથી જે અયોગ્ય બાબત છે. શહેરમાં પથિકા ડેપો ઉપરાંત જાહેર શૌચાલયોમાં પણ યોગ્ય સ્વચ્છતા જાળવવામાં આવી રહી ન હોવાથી ગંદકી જોવા મળે છે. શૌચાલયોની સફાઈ માટે મનપા દ્વારા વિવિધ એજન્સીઓના કામદારોને સફાઈ માટે નીમવામાં આવ્યા છે. કારણ કે નાગરિકોમાં સ્વચ્છતા જાળવવા અંગેની સભાનતા નથી તેથી જે તે એજન્સીઓના કામદારોને ૨ થી ૫ રૂપિયા વસૂલવા પડે છે. જેમાં કેટલાક નાગરીકો પૈસા આપવા બાબતે માથાકૂટ કરતા હોય છે.

જાહેર શૌચાલયોમાં મહિલાઓ સૌથી વધુ ગંદકી કરે છે

શહેરમાં નાગરિકોની વ્યવસ્થાના ભાગરૂપે જાહેર શૌચાલયો બનાવવા છે. જેમાં પુરૂષો અને મહિલાઓના કેબિનમાંથી સૌથી વધુ ગંદકી મહિલાઓની કેબિનમાં જોવા મળે છે. જે મહિલાઓ પોતાના ઘરને સ્વચ્છ રાખવામાં અગ્રેસર ગણાય છે તેઓ જાહેર શૌચાલયોમાં ગંદકીના ફેલાવે છે. જે હકીકત છે. ભણેલા ગણેલા માણસો સ્વચ્છતા નહી જાળવે તો સ્વચ્છતામાં કોઈ દિવસ શહેર, જિલ્લો કે દેશ અગ્રેસર આવી શકશે નહિ.

વાંકાનેરડા ગામે ઘરમાંથી રૂ.૧.૯૪ લાખના દાગીના લઈ ચોર શખ્સો ફરાર

પરિવારના સભ્યો ખેતરમાં હતા, તે સમયે ચોરીને અંજામ આપ્યો, તિજોરી ખોલી સોના-ચાંદીના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના વાંકાનેરડા (નવાપુરા) ગામે રાહુલજી રમેશજી ઠાકોરના ઘરમાં અજાણ્યો ચોર શખ્સે પ્રવેશ કરી અંદરના રૂમમાં રહેલી તિજોરી ખોલી તેમાં રહેલા સોના-ચાંદીના દાગીના રૂ.૧,૯૪,૪૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે.સવારના સમયે પરિવાર ખેતરે કામઅર્થે ગયો હતો, તે સમયે ચોર શખ્સોએ ઘરમાં ખાતર પાડ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ વજાપુરા ગામના વતની અને હાલ વાંકાનેરડા (નવાપુરા) ગામે રવિ ફેબ્રીકેશનની સામે રાહુલજી રમેશજી ઠાકોર પોતાના માતા-પિતા, બે ભાઈઓ સાથે સંયુકત પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. ગતરોજ સવારના સાડા આઠ વાગ્યાના સમયે ઘરેથી રાહુલ અને તેના પિતા ખેતરમાં રીંગણા નિંદવા માટે ગયા હતા. તે સમયે ઘરે રાહુલના પત્ની અને માતા ઘરે હાજર હતા. ત્યારબાદ અજય નોકરી માટે ગાંધીનગર જવા માટે નીકળ્યો હતો, તો બીજીતરફ શૈલેષભાઈ નોકરી રણાસણ જવા માટે નીકળ્યો હતો. ત્યારપછી રાહુલના માતા અને થોડીવાર પછી તેના પત્ની ઘરનુ કામ પુરુ થતા ખેતરમાં રીંગણા નિંદવા માટે આવ્યા હતા. ખેતરનુ કામ પુરુ કરીને ઘરના સભ્યો બપોરના ૧૨ વાગે ઘરે આવી ગયા હતા. જયારે રાહુલ ઠાકોર જમવા માટે બેઠા હતા તે સમયે તેમની નજર લોખંડના ટંક પર પડી હતી. જે ટંક પર મોબાઈલ ચાર્જ કરવા માટે મુકતા હતા. પરંતુ મોબાઈલ નજરે ન પડતા રાહુલે પોતાની પત્નીને તેમજ ઘરના સભ્યોને પુછતા કોઈ મોબાઈલ ફોન લીધો ન હતો. જેથી ટંકમાં તપાસ કરતા કપડામાંથી મોબાઈલ મળી આવ્યો હતો. જેથી રાહુલને શંકા જતા ઘરમાં અંદરના રૂમમાં રહેલ તિજોરી તરફ નજર કરી હતી. જેમાં તિજોરી પર થેલી લટકાવેલી હતી, જે સામાન્ય દિવસોમાં રૂમમાં ખુંટી પર ટીંગાડેલી હોય છે. જેથી રાહુલે તેની પત્નીને તિજોરી ખોલી હોવા અંગે પુછપરછ કરતા તેણીએ ના પાડી હતી. જેને પગલે તિજોરી ખોલવા જતા તિજોરીનું લોક ખુલ્લું હતું. તે ઉપરાંત અંદરના ભાગના ખાનાના દરવાજા ખુલ્લા હતા. જેથી તિજોરીમાં તપાસ કરતા સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હતી. જેમાં સોનાનો એક તોલાનો દોરો, સોનાનું દોઢ તોલાનું લોકેટ, સોનાની કાનમાં પહેરવાની વાળી નંગ-૪, ચાંદીની ઝાંઝર નંગ-૨, ચાંદીના કલ્લા નંગ-૨, ચાંદીનું મંગળસુત્ર અને ઝુંડો નંગ-૧ નો સમાવેશ થાય છે. ઘરના સભ્યો ખેતરમાં અને નોકરી પર ગયા હતા તે સમયે સવારના સમયે ઘરમાં ચોર શખ્સોએ પ્રવેશ કરી અંદરના રૂમમાં રહેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૯૪ લાખની મત્તાની ચોરી કરી અજાણ્યા ઈસમો પલાયન થઈ ગયા છે. ત્યારે બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા પ્લાસ્ટીક મીણીયાનુ વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાભચિતરીયામાં ચાર લાભાર્થીને ૧૨X૧૦ ફૂટનું પ્લાસ્ટીક (મીણીયુ) આપવામાં આવ્યું.

અણસોલમાં બાળકોને કપડા, નોટબુક, પેન્સીલ, નાસ્તો તથા ચપ્પલ આપવામાં આવ્યા. બધા બાળકો લાભાર્થીના હતા અને રવિવાર હોવાથી સાથે આવ્યા હતા.